THE GANDHIDHAM
CHAMBER OF COMMERCE & INDUSTRY
(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
GANDHIDHAM (Kutch) Gujarat - INDIA - 370201.
Phone : +91-02836-220977, 220735 • Mobile : 99250 37814 • Fax : 220888
e-mail : info@gccikandla.com Website : www.gccikandla.com

Dinesh Gupta
President
(M) 98252 25892

No. GCCI/292

તા. ૧૯.૯.૨૦૧૬

મુખ્ય અધિકારીશ્રી,
ગાંધીધામ નગરપાલિકા,
ગાંધીધામ-કચ્છ

વિષયઃ- ગાંધીધામ-આદિપુર શહેરને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ બાબતે

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે, અમો ગાંધીધામ-આદિપુર શહેરને લગતા નીચે જણાવેલ વિવિધ મુદાઓ પ્રત્યે આપશ્રીનું ધ્યાન દોરી આ સંદર્ભે યોગ્ય કાર્યવાહી ત્વરિત હાથ ધરવા રજુઆત કરીએ છીએ.

૧. **શહેરના વિવિધ ભાગોમાં નિયમિત સફાઇની જરૂરિયાત**

ગાંધીધામ-આદિપુર શહેરમાં ચારે તરફ ગંદકીનું સામ્રાજય છે. જો આ ગંદકીને સમયસર દૂર નહી કરવામાં આવે તો રોગચાળો ફાટી નિકળવાની સંભાવના છે. એક સમયબધ્ધ 'સ્વચ્છતા અભિયાન'નો પ્રારંભ કરી નિયમિત સફાઇ શહેરમાં જાળવવાની નગરપાલિકા ધ્વારા ઝુંબેશ આદરવાની તાતી જરૂરિયાત છે.

૨. **શહેરમાં રખડતાં ઢોરોનો ત્રાસ**

આપણા શહેરમાં જયાં જુઓ ત્યાં રખડતાં ઢોરોનો ત્રાસ દિવસો-દિવસ વધતો જ જાય છે. આ રખડતાં ઢોરો શહેરના રોડ ટ્રાફીકને અવરોધે છે અને અસ્કમાત થવાની શકયતાઓમાં વધારો કરે છે. ગુજરાતના બીજા શહેરોમાં આવા ત્રાસને લીધે અકસ્માતથી મહામૂલ્ય માનવજીદંગી ગુમાવવાના પ્રસંગો નોંધાયેલ જ છે ત્યારે આપણા શહેરમાં આવા બનાવો ન બને તેની કાળજી તરત જ લેવાની જરૂરિયાત છે. નગરપાલિકા આ સંદર્ભે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી આરંભે એ આજના સમયની અને આ શહેરની જનતાની લાગણી અને માગણી છે જે વિષે અમે આપશ્રીને અવગત કરીએ છીએ.

૩. **બેકીંગ સર્કલના રોડને પહોળા કરવા અને લાઇટની વ્યવસ્થા બાબત**

ગાંધીધામ શહેરના ધમધમતા બેંકીગ સર્કલના વિસ્તારના રોડને પહોળા કરવાની જરૂરિયાત છે, જેથી વાહનોનું વ્યવસ્થિત પાર્કિંગ થઇ શકે. અને અકસ્માતો પણ નિવારી શકાય. જગ્યાની ઉપલબ્ધતા પ્રમાણે રોડની વચ્ચે ડીવાઇડર બનાવવાની શકયતા પણ ચકાસી રોડ ટ્રાફીકના અવરજવરને નિયંત્રિત કરી શકાય.

આ ઉપરાંત બેકીંગ સર્કલમાં HIGH MAST TOWER LIGHT ની વ્યવસ્થાની ખૂબજ જરૂરિયાત છે, જેથી કરીને રાત્રિ દરમ્યાન લોકોને પૂરતો પ્રકાશ મળે અને સુરક્ષામાં વધારો થાય.

૪. **LED લાઇટસની વ્યવસ્થા**

હાલમાં શહેરમાં વિવિધ સ્થળોએ LED લાઇટસની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ વ્યવસ્થા અંતર્ગત એ સ્થળોએ જરૂરિયાત મુજબનો પ્રકાશ મળે છે કે નહિં તેની ચકાસણી કરી, તેમાં યોગ્ય ફેરફાર કરી, શહેરના બાકી રહેતા વિસ્તારોમાં પણ આ વ્યવસ્થા સમયસર ઉપલબ્ધ થાય એ સંદર્ભે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

.... ૨

Babubhai B. Humbal
Vice President
(M) 98254 91041

Murlidhar B. Jagani
Hon. Secretary
(M) 98252 66669

Aashish S. Joshi
Hon. Jt. Secretary
(M) 98252 25143

Rewa R. Kalwani
Treasurer
(M) 98252 89004

**૫. ઝંડા ચોકમાં પાર્કિંગ સ્ટેન્ડ**

શહેરના હાર્દસમા વિસ્તાર ઝંડા ચોકમાં પાર્કિંગ સ્ટેન્ડ બનાવવાની તાતી જરૂરિયાત છે. આ માટે ટ્રાફિકને અવરોધ ન થાય એ રીતે યોગ્ય સ્થળની પસંદગી કરવી આવશ્યક છે. આથી ખાસ કરીને રીક્ષા, છકડા અને આમ જનતાની સુવિધામાં વધારો થશે.

**૬. ગાંધીધામ શહેરના પ્રવેશદ્વાર નજીકના પ્રશ્નો બાબતે**

આપણા શહેરના પ્રવેશદ્વાર ઉપર આવેલ ઓવરબ્રીજની નજીક રેલવે સ્ટેશન તરફ જતા માર્ગની બન્ને બાજુ દિવસોદિવસ ગંદકીમાં વધારો થતો જાય છે. આ ઉપરાંત આ વિસ્તારમાં અનેક અનૈતિક પ્રવૃતિઓ પણ ફૂલીફાલી છે. ઓવરબ્રીજ નીચે આવેલ જગ્યામાં રીક્ષા, છકડા અને અન્ય વાહનો જેમ તેમ પાર્ક કરવામાં આવે છે. આથી રાહદારીઓને પસાર થવામાં મુશ્કેલીઓ પડે છે. ખાસ કરીને રાત્રિ દરમ્યાન સ્ત્રી રાહદારીઓની સુરક્ષાનો પણ સવાલ ઊભો થાય છે. શહેરમાં પ્રવેશતાં જ શહેરની ખરાબ છાપ ઊભી થાય છે. આથી, આ વિસ્તારના આ પ્રશ્નો બીજી સરકારી એજન્સીઓ સાથે યોગ્ય સંકલન સાધી તાત્કાલિક ઉકેલવા જરૂરી છે.

**૭. ગટરના તૂટેલા ઢાંકણાં બાબત**

શહેરમાં વિવિધ વિસ્તારમાં અને વિશેષરૂપે બજારમાં ગટરનાં ઢાંકણાં અને સિમેન્ટ સ્લેબ તૂટી ગયેલ છે, જે તાત્કાલિક બદલવાની જરૂર છે. અન્યથા અકસ્માત થવાની સંભાવના રહે છે.

**૮. દબાણો અંગે**

શહેરના વિવિધ વિસ્તારોમાં ખાસ કરીને રોડની બન્ને બાજુમાં દબાણો ફૂલ્યું ફાલ્યું છે. દા.ત. પોસ્ટ ઓફીસ તરફ જતા મુખ્ય માર્ગ અને તેની આજુબાજુના માર્ગની બન્ને બાજુનું દબાણ, આ સમસ્યાનો તાત્કાલિક નિકાલ અન્ય સરકારી એજન્સીઓની મદદ લઇ કરવાની તાતી જરૂરિયાત છે.

અમને આશા છે કે, ઉપરોકત પ્રશ્નો/સમસ્યાઓનો આપશ્રીની રાહબરી હેઠળ તાત્કાલિક ઉકેલ લાવવા નગરપાલિકા દ્વારા યોગ્ય પગલાં લેવાશે. એજ અપેક્ષા સહ,

આભાર સહ,

(દિનેશ ગુપ્તા)
પ્રમુખ